બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

# (દારુલ ઈફતા રિયાઝ નો બીજો ફતવો)

વાંચક મિત્રો તથા સન્માનનીય મો'મિનાત,

અસ્સલામુલ અલયકુમ વ. વ.

આપ બધા વાકેફ જ છો કે, મુસ્લિમ રાજ્યશાસનમાં હરમૈન–શરીફૈનની ભૂમિના સત્તાધીશો એટલે કે, સઉદી અરેબિયાની તે સુન્ની હુકૂમત છે, જેઓ દુનિયાભરમાં દીની કાયદાઓ વિરુદ્ધ "સિક્યુલર (બિનસાંપ્રદાયિક) કાયદાઓ"ના સમર્થકોના ભારે દબાણ અને ચાલબાજીઓ છતાં સંપૂર્ણ જોર–શોરથી ચારેય મહાન ઈમામોના ઉલમાએ કિરામ દ્વારા "બધા જ ઈસ્લામી કાયદાઓ" (કિસાસ મા કતલ ની સજા, કિસાસ, હાથ કાપવાની સજા તથા ચંદ્રદર્શનની ઈસ્લામીસાબિતી વિગેરે)ને પોતાના ન્યાય ખાતા હેઠળ દારુલ ઈફતા અને સુપ્રિમ કૉર્ટથી વિના ખચકાટે લાગુ પાડેલ છે ! આપને આ પણ ખબર છે કે, સઉદીયામાં ચંદ્રની સાબિતીના શરઈ કાયદાઓના સંદર્ભમાં જ્યારે દેવબંદ, દેવબંદી ફતાવા અને દેવબંદીઓની હકીકી સુન્નિય્યતને બદનામ કરનારાઓ,પૂરી દુનિયાથી"શરઈ ન્યાય અને તેના કાયદાઓ"ને નષ્ટ કરનાર ઈસ્લામ વિરોધી શક્તિઓ, તેમના ચેલાઓ અને તેમના વડે સુન્નિય્યત વિરોધી શીઆ શક્તિઓના ઉપલબ્ધ બધા જ હથિયારોથી "હરમૈન–શરીફૈનનીસરજમીનસઉદીયાના એકમાત્ર રાજ્યશાસનમાં ચાલતાખાલિસ કુર્આની પયગમ્બરી કાયદાઓને બિનસાંપ્રદાયિક (સિક્યુલર) કાયદાઓથી બદલવા ઈચ્છનારા સ્થાનિક અને બહારના તેમના સમર્થકો"ની નિષ્ફળતા પછી અંતે એઓએ આ જૂઠ ફેલાવ્યું કે, હવે સઉદીમાં **રૂઅ્યતે**(શરઈ)**સુબૂતે હિલાલ**ના ફૈસલાઓને મેતૂનિક "ન્યુમૂન થિયરી"ના હિસાબ સાથે જોડીને તેના વિરુદ્ધ આવનાર "ગવાહીઓ"ને હરમૈન–શરીફૈનના ન્યાયખાતા તરફથી રદ પણ કરવામાં આવી રહિ છે ! (ઈન્નાલિલ્લાહી વઈન્નાઈલયહિર્રાજીઊન) આ રીતે જૂઠને પોતાની બુરાઈની અંતિમ કક્ષાએ પહોંચાડવામાં આવ્યું ! પરંતુ મરકજી રૂયતે હિલાલ કમિટી–બ્રિટન તરફથી આ જૂઠને નર્યો પ્રોપેગંડો હોવાનું સઉદીઅરબિયાના ન્યાયખાતાના જ ફૈસલાઓથી સાબિત કરીને તેનો સ્પષ્ટ શબ્દોમાં રદિયો આપ્યો, જેની ખુલ્લી સાબિતી આજે પણ અમારી વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.

વાંચક મિત્રો ! અમે હુજ્જત પૂરી કરવાની સાથે જ દારુલ ઈફતા રિયાઝને પણ એક સવાલ (૨૩ શવ્વાલ સન હિજરી ૧૪૩૦ પ્રમાણે ૧૨ ઑક્ટોબર ઈસ્વીસન૨૦૦૯ સોમવારના દિવસે) મોકલ્યો, જેની સાથે કહેવાતા સઉદી સમાચારપત્રોના તે કટિંગો મોકલવામાં આવ્યા, જે પ્રોપેગંડા મિશનરી "ઈસ્લામ અને સિરાતે મુસ્તકીમ"નું નામ લઈને (લા હવ્લ વલા કુવ્વત ઈલ્લાબિલ્લાહ) ફેલાવતી રહી છે.

સવાલસાથે જ અમારી કિતાબો અને હિજબુલ ઉલમા યુ.કે.ની વેબસાઈટના હોમપેજની નકલ પણ મોકલવામાં આવી, જેથી અમારા વિષયો બીજી કિતાબો અને ઉલમાએ કિરામના ફતાવા વળી બ્રિટન મદીના મુનવ્વરહ જિદ્દાહ અને દુનિયામાં ખગોળીય હિસાબો વિરુદ્ધ ચંદ્રદર્શનનો રેકોર્ડ કરેલ અમારો "વૈશ્વિક નકશો" વગેરે બધું સામે રહે .

**હરમૈન શરીફૈન ની ભૂમિથી નવો ફત્વો :**અમે ખાસ રીતે પૂછ્યું કે, “ચોવીસ વર્ષ પહેલાં સન હિજરી ૧૪૦૭માં જે ફત્વો શૈખ બિન બાઝ (રહ.) તરફથી અમને મોકલવામાં આવ્યો હતો (અને જેમાં છે કે,

"શરઈ ચંદ્રદર્શનની સાબિતી માટે હદીષે ઉમ્મીના નબવી અભિપ્રાય પ્રમાણે ખગોળીય હિસાબોનો બિલકુલ ભરોસો નથી કરી શકાતો અને સઉદીયામાં શરઈ ચંદ્રદર્શનની સાબિતી માટે આ જ શરઈ નબવી અભિપ્રાય ઉપર અમલ થાય છે!) તેમાં તે નબવી મતને શું હવે બદલવામાં આવ્યો છે ?'' તો આના જવાબમાં અમને ૨૦ મુહર્રમુલ હરામ સન હિજરી ૧૪૩૧નો નીચેનો આ ફતવો પ્રાપ્ત થયો,

**જવાબ :**

અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ આલે શૈખના તરફથી ભાઈ શૈખ યાકૂબ અહમદ મિફતાહી તરફ.

અસ્સલામુ અલયકુમ વ. વ.

આપને ચંદ્ર આધારિત મહિનાઓ માં "ચંદ્રની સાબિતી" વિશે આ જાણવું છે કે," શું ચંદ્રની સાબિતીના 'સ્વરૂપ' માં કોઈ નવું પરિવર્તન કરવામાં આવ્યું છે ?" તો જાણવું જોઈએ કે "ચંદ્રની સાબિતીનો આધાર ચંદ્રનું શરઈ રીતે આંખથી જોવા અને મહિનાઓની શરૂઆત કરવામાં 'હિસાબ ઉપર ભરોસો ન કરવા' ઉપરછે" અને તેમાં કોઈ પરિવર્તન કરવામાં નથીઆવ્યું." અલ્લાહની તવફીક તમારી સાથે સામેલ રહે અને અલ્લાહ આપ તમામની અને અમારી ભલાઈથી મદદ કરે અને તમારા ઉપર અલ્લાહની સલામતી અને તેની રહમતો તથા બરકતો નાઝિલ થાય.

(સહીહ)

સઉદી અરબિયા ના મુફતીએ આમ (આ'ઝમ)

સિક્કો

અબ્દુલ અઝીઝ બિન અબ્દુલ્લાહ આલે શૈખ

ફતાવાની ઈલ્મી ચર્ચાકીય સંસ્થાની કમિટીના અધ્યક્ષ.